## વડીલોને વંદન
## અભિનંદન



કે. એમ. શાહ
(૧૯૩૪) ફોન : ૨૩૨૨૬૮૧૫



અંબાલાલ એસ. પ્રજાપતિ
(૧૯૪૬) મો : ૯૯૭૪૫૬૦૦૩૮



રમણલાલ એમ. વાળંદ
(૧૯૩૨) ફોન : ૨૩૨૩૬૯૭૧

# વડોદરામાં એક સપ્તાહમાં આઠ વ્યક્તિઓની આત્મ હત્યા

## આત્મહત્યા માટે જુદા જુદા કારણો : ડિપ્રેશનના પરિણામે મહિલા તબીબે આત્મહત્યા કરી : તમામ કેસોમાં તપાસ

વડોદરા, તા.૩૦

વડોદરામાં તાજેતરના સપ્તાહમાં આત્મહત્યાના કેસોમાં ઉલ્લેખનીય વધારો થયો છે. એક સપ્તાહના ગાળામાં જ વડોદરામાં આત્મહત્યાના આઠ કેસ સપાટી ઉપર આવ્યા છે. શુક્રવારના દિવસે જુદા જુદા કારણોસર બે જુદા જુદા બનાવોમાં મહિલા અને પુરુષે જીવન ટુંકાવી દીધું હતું. આની સાથે જ એક જ સપ્તાહના ગાળામાં વડોદરામાં આત્મહત્યાના કેસોની સંખ્યા વધીને આઠ ઉપર પહોંચી ગઈ છે. આત્મહત્યા માટે વિવિધ કારણોને જવાબદાર ગણવામાં આવે છે. જે મહિલાએ આત્મહત્યા કરી હતી તેમાં ૫૨ વર્ષીય ડેન્ટીસ્ટનો સમાવેશ થાય છે. પોતાના કરેલીબાગ ખાતેના નિવાસસ્થાને ડિપ્રેશનના લીધે આ મહિલાએ આત્મહત્યા કરી હતી. રૂપલ શાહ નામની આ મહિલાએ તેનો પતિ સુભોધચંદ્ર શાહ અને ૨૬ વર્ષીય પુત્ર બહાર હતા ત્યારે આત્મહત્યા કરી હતી. બેડરુમમાં સિલિંગ ફેન પર લટકી જઈને આ મહિલાએ આત્મહત્યા કરી હતી. આત્મ હત્યા કરવા માટેના જુદા જુદા કારણો સપાટી ઉપર આવતા રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી) દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં ઘટસ્ફોટ હાલમાં જ ઘટસ્ફોટ કરવામાં આવ્યો હતો કે, આત્મહત્યા માટેના જુદા જુદા કારણો આપવામાં આવ્યા છે જેમાં પારિવારિક મુદ્દાઓ, નજીકના સંબંધિ અથવા તો પ્રિયજનોના અવસાન, લાંબી માંદગી, પ્રેમપ્રકરણમાં નિષ્ફળતા, નાદારી થવાની સ્થિતિ, લગ્ન રદ થવાની બાબત અને આડા સંબંધોનો સમાવેશ થાય છે. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આનાથી પણ ચોકાવનારી બાબત એ છે કે આત્મહત્યા કરનાર મોટાભાગના લોકો શિક્ષણ મેળવી ચૂકેલા લોકો હતા અને શહેરી વિકાસમાં રહેનાર લોકો હતા. પરીણિત પણ હતા. ટૂંકમાં શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષિત પરીણિત લોકોમાં પણ આત્મહત્યાના કેસો જોવા મળી રહ્યા છે.

# અમદાવાદમાં કમળા-ડેન્ગ્યુના કેસમાં ચિંતાજનક વધારો

## એકલા સરસપુરમાં કમળાના ૨૧૦થી પણ વધુ કેસ થયા ડેન્ગ્યુના ૩૩૦થી પણ વધુ કેસ માત્ર નવેમ્બરમાં નોંધાયા

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં રોગચાળાએ ભારે આતંક મચાવ્યો છે. એકબાજુ સરસપુર સહિતના કેટલાક વિસ્તારમાં રોગચાળાનો ભય યથાવત રહ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં કેસની સંખ્યા હજુ પણ વધી રહી છે. બીજી બાજુ આનાથી પણ વધુ ચિંતા ઉપજાવે તે પ્રકારે ડેન્ગ્યુથી અમદાવાદ શહેરમાં પ્રથમ મોતનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ ચકચાર મચી ગઈ છે.

સત્તાવાર રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આની જાહેરાત કરવામાં આવી છે. ૧૬ વર્ષીય અરોલવાઝ નામનો વિદ્યાર્થી છેલ્લા ૭ દિવસથી તાવથી ગ્રસ્ત હતો તે સ્કૂલમાં પણ જઈ રહ્યો ન હતો. ત્રણ દિવસ પહેલા જ તેની તબિયત ખરાબ થઈ ગઈ હતી. તેને સ્ટેડિયમ નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેની તબિયત વધુ લથડી હતી. એકલા નવેમ્બર મહિનામાં ડેન્ગ્યુના ૩૦૦થી પણ વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. બીજીબાજુ કમળાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. પીવાના સ્વચ્છ પાણી અને સેનિટેશનની સુવિધાઓને લઈને હવે દેખાવોનો દોર શરૂ થઈ ચુક્યો છે. એકલા સરસપુર વિસ્તારમાં કમળાના કેસ ૨૧૦થી પણ વધુ થઈ ગયા છે. સત્તાવાળાઓ સરસપુર વિસ્તારમાં સિવિલની લાઈન બદલી રહ્યા છે. દૂધેશ્વર વોર્ડના લોકો પણ હવે ચિંતિત દેખાઈ રહ્યા છે. સરસપુર ઉપરાંત દુધેશ્વર, રખિયાલ અને અન્ય વિસ્તારોમાં તંત્ર દ્વારા તમામ પગલા લેવાઈ રહ્યા છે. રોગચાળાને રોકવા માટે દવાઓનો છંટકાવ સતત કરવામાં આવી રહ્યો છે. પ્રદૂષિત પાણીને લઈને લોકોમાં ફરિયાદ યથાવત રહી છે.

## પાક ઉત્પાદનમાં ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખરીફ પાકના ઉત્પાદનમાં જે ઘટાડો નોંધાયો છે તે ૨૦ થી ૨૫ ટકા જેટલો હોવાનું ખેડૂત આગેવાનો કહી રહ્યા છે. જો કે ઘાસચારાના પાકના વાવેતરને લઈ સરેરાશ ઉત્પાદનની વાતો તંત્ર દ્વારા વહેતી કરાઈ હોવાનું પણ આગેવાનો કહી રહ્યા છે. જિલ્લામાં ખરીફ ઋતુના વાવેતર બાદ નોંધાયેલા ઉત્પાદનના ઘટાડાને લઈ તેમજ પોષણક્ષમ ભાવના અભાવે ખેડૂત ચિંતાતુર બન્યો છે એટલું જ નહિ પણ રવિ સિઝનના વાવેતરને લઈ પણ ઉત્સાહિત જોવા મળતો નથી.

# ઠગાઈ કેસમાં પરપ્રાંતિય મુસ્લિમની ધરપકડ થઈ

અમદાવાદ,તા. ૩૦

પાલનપુરના માલણી દરવાજા વિસ્તારમાં રહેતા મુળ વતની ઉત્તરપ્રદેશના એક મુસ્લિમ પરિવારના સસરા અને જમાઈએ બે વર્ષ અગાઉ રાજસ્થાનના જાલોર ખાતે બેકરી બનાવીને કારોબાર શરૂ કર્યો હતો. સ્થાનિક પડોશીને આ બંનેએ વિશ્વાસમાં લઈને દોઢથી બે લાખ રૂપિયા જેટલી રકમ બેકરીના મશીન લાવવા ઉછીના લીધા હતા. થોડાક સમય બાદ જાલોરની બેકરી બંધ કરી આ બંને જમાઈ સસરો ફરાર થઈ ગયા હતા. તે અંગે છેતરપિંડીનો ભોગ બનનાર હબીબીખાન આબાદખાને જાલોર પોલીસ સ્ટેશને છેતરપિંડી ફરિયાદ નોંધાવી હતી. આ સંબંધમાં પોલીસે ઈશરત યુસુફ મિસ્ત્રી (જમાઈ) અને ઈલિયાઝભાઈ અન્સારી (સસરા) વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી.

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર ખાતે ફરિયાદીને પોલીસે સાથે રાખી આરોપીની તપાસ કરી હતી જે દરમિયાન પોલીસે અટકાયત કરી હતી. વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## નાદુરસ્ત તબિયતના કારણે મુખ્યમંત્રીનો સુરત પ્રવાસ રદ

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની નાદુરસ્ત તબિયતના કારણે તેમના સુરત ખાતેના બે દિવસના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમોમાં તેઓ ઉપસ્થિત રહી શકશે નહિ

## આપણાં રક્ષકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કાર્યક્રમમાં મચ્છરોની ઉત્પતિથી માંડીને તેનાથી થતા રોગો અને તે અંગેની સાવચેતી જેવી બાબતોનો વિસ્તારપૂર્વક સમજાવવામાં આવી હતી અને મચ્છરના પોરા તેમજ તેને ખાઈ જતી ગપ્પી માછલીઓનું દરેક સ્કૂલમાં પ્રત્યક્ષ નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

બાયસેગ દ્વારા આયોજિત આશરે બે કલાકના જાગૃતિ અભિયાનના અભિનવ પ્રયોગ વડે શિક્ષણની સાથે બાળકોને આરોગ્ય અંગેની સાવચેતી જાળવવા માહિતગાર કરાયા હતા. આ કાર્યક્રમમાં બાયસેગ દ્વારા બાળકોને મચ્છરોની ઉત્પત્તિસ્થાનો તેમજ તેના વિકાસ વગેરે અંગે ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી. આ માહિતીમાં મચ્છરો કેવી રીતે પેદા થાય છે, કયા વાતાવરણમાં પેદા થાય છે, ડેન્ગ્યુના મચ્છર દિવસે જ કરડે અને મેલેરિયાના મચ્છર વહેલી સવારે અથવા સાંજના સમયે કરડે છે જેવી વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. આટલુ જ નહિ દરેક શાળાઓમાં મચ્છરના પોરા અને આ પોરાં ખાઈ જતી ગપ્પી માછલીઓનું પ્રત્યક્ષ નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. બાળકોને મચ્છરો ભેજવાળા વાતાવરણમાં વધારે રહે છે તેથી પાણી ટાંકી, ખાબોચિયા, તળાવ કિનારે, સબકેનાલ પર, નકામા ટાયરો કે અન્ય વસ્તુઓમાં ભરાઈ રહેલ પાણીમાં કે પક્ષીઓ માટેના પાણીના કુંડામાં પણ મચ્છરોના પોરાં હોઈ શકે છે તે સમજાવાયુ હતુ. બાળકોએ પણ મચ્છરો કેટલી જાતના હોય છે, પોરાનું આયુષ્ય કેટલું હોય છે, જેવા અનેક મહત્વના પ્રશ્નો ઉત્સુકતાવશ પુછીને અભિયાન અંગે તેમની સક્રિયતા અને ગંભીરતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં બાળકોને આ મચ્છરોથી બચવા શું પગલાં લેવા જોઈએ તેની માહિતી આપવાની સાથે ને ક્યાંય પણ પોરાં દેખાય તો શાળાના આચાર્યને જાણ કરવી જે મલ્ટી પરપઝ વર્કરને જાણ કરશે અને તેની ટીમ આવી પોરાંનો નાશ કરવાની કામગીરી હાથ ધરશે તેવો વિશ્વાસ અપાવી તે માટે પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન આર.આર. વરસાણી સાહેબે બાળકોને 'આપણા રક્ષકો આપણે પોતે જ..' કહેતાં પોતાના ઘરમાં પોરાં ના થાય તેની કાળજી લેવા સલાહ આપી હતી. આ સાથે બાળકોને ફોર્મ આપવામાં આવ્યું હતું. જેમાં પોતાના ઘરની ટાંકીમાં શું જોયું તેની વિગત લખી જો પોરાં હોય તો તેની જાણ કરવા જણાવાયું હતું. બાળકોને આપવામાં આવેલ આ ફોર્મ કદાચ સરકારી તંત્રનું સૌથી નાનુ ફોર્મ હતુ કારણ કે તે માત્ર ત્રણ કે ચાર લીટીમાં જ પુરૂ થઈ જતુ હતુ. આ ફોર્મના આધારે જો બાળકોએ મચ્છરોના પોરા જોયા હશે તેવું જણાશે તો આરોગ્ય વિભાગની ટીમ તુરંત જ તેને નાશ કરવાના પગલાં ભરશે.

આ વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ડેન્ગ્યુ અને મેલેરિયા જીવલેણ રોગ હોવાના નાતે તેવા પર કાબુ કરવા ખાસ ભાર મુકાયો છે તેમજ તે અંગેના જાગૃતિ અભિયાનનું સૂત્ર 'નાનો ડંખ, મોટો ભય' જેવું સૂચક રાખવામાં આવ્યું છે. જો વિશ્વ આરોગ્ય સંસ્થા આ બાબતે આટલી ગંભીર હોય ત્યારે બાયસેગ દ્વારા આયોજિત માધ્યમિક શાળાના બાળકો માટે કરાયેલ આ જાગૃતિ શિબિર એ ખૂબ જ પ્રશંસનીય કાર્ય ગણાય તેમાં બે મત નથી.

## થોભો અને રાહ જૂઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બટાટાનું બિયારણ થોડુક ઓછુ છે અને ઠંડી હજુ જોઈએ તેવી જામી નથી એટલે ખેડૂતો પણ વાવેતર માટે બહુ ઉત્સાહિત જણાતા નથી. હવે ખેડૂતો પણ મોડા વાવેતરની જાતોના વાવેતરને વધુ પસંદગી આપી રહ્યા છે.

જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૬૦ હજાર હેક્ટર વિસ્તારમાં થવાનો અંદાજ છે. જે પૈકી હજુ ૧૮ હજાર હેક્ટર જેટલુ વાવેતર થયું છે. અર્થાત ૩૦ ટકા જેટલુ જ વાવેતર નોંધાયું છે. જો કે છેલ્લા એક સપ્તાહમાં ઠંડી ધીમે પગલે આવી રહી છે તેમ તેમ વાવેતરમાં વધારો થઈ રહ્યો છે. ખેડૂતો હવે પરંપરાગત ખેતીને બદલે રોકડિયા પાકોની ખેતી તરફ વધુ આકર્ષિત થયા છે. જિલ્લામાં બટાટાની પાંચ જેટલી જાતોનું વાવેતર નોધાયું હોય છે જે ઉલ્લેખનીય છે.

## સર્જાતુ નર્કાગાર...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલતા અશોભનીય-અરૂચિકર દશ્યો અને બદબુના કારણે ઘરના બારી-બારણાં બંધ રાખીને અંદર જ પુરાઈ રહેવું ફરજિયાત બની ગયું છે.

આ વસાહતીઓની અહીં કુદરતી હાજતે ન જવાની વિનંતી સામે માથાભારે તત્વો 'આ તમારા બાપની જમીન છે..? અહીં ના જઈએ તો ક્યાં તમારા ઘરમાં આવીએ?' જેવી નફ્ફટ અને અપમાનજનક જવાબ આપે છે. આ જગ્યાની ઝાડી દૂર થાય તો આ દૂષણ અટકે તેમ માની આ વસાહતીઓની વિનંતી છતા વન વિભાગ દ્વારા આ ઝાડી દૂર કરવા કોઈ પગલાં લેવાતાં નથી એ પણ નાગરિકોની કમનસીબી છે. આ 'નર્કાગાર' જેવી પરિસ્થિતિથી ગાર્ડનમાં બાળકોને રમાડવા આવતી માતા-બહેનો, બેસવા-ચોખ્ખી હવા લેવા આવતા સીનિયર સીટીઝન્સ તથા સાંજે નિયમિત 'યોગ' માટે એકઠી થતી બહેનો માટે પણ ગાર્ડનમાં બેસવું અઘરૂ થઈ પડે છે. 'વાઈબ્રન્ટ સમીટ'માં આવનારા મહેમાનોને 'મોર્ડેલ સ્ટેટ'ની રાજધાની કેવી સુંદર-સ્વચ્છ-દર્શનીય છે તે બતાવવા મચી પડેલું તંત્ર પોતાના નગરજનોની આ કરૂણ-લાચારીભરી પરિસ્થિતિમાંથી ક્યારે ઉગારશે? તંત્ર તરફથી આ અંગે સત્વરે કડક અને કાયમી પગલાં લેવાય તેમ સૌ ઈચ્છે છે.

## જો બકા...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે લોકોને આ કંકોત્રી મળે છે તેમને કવરમાંથી નીકળતી આ કૂપન જોઈને ખૂબ જ સુખદ આશ્ચર્યનો અનુભવ થાય છે. અને તુરંત જ બીજા લોકોને પણ આ કંકોત્રી બતાવે છે. આમ જ જો દરેક નાગરિકો સ્વચ્છતાના મહત્વને સમજીને તેને પોતાના જીવનમાં અગ્રિમતા આપશે તો એ દિવસ દૂર નથી કે ભારત દેશ પણ દુનિયામાં તેની સ્વચ્છતાને કારણે વખણાતો થશે.

## ટાઈમ લાઈન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂ થયા હતા અને તેમની રાજકીય કારકિર્દીમાં અવરોધો ઉભા થયા હતા. એવી જ રીતે દિલ્હીના પૂર્વ ચીફ મિનિસ્ટર અરવિંદ કેજરીવાલના જોક્સ શરૂ થયા અને તેમનું દિલ્હી સરકાર અને લોકસભાના ખ્વાબમાં પતન શરૂ થયું, આજે તેઓ ફરી ઉભા થવાના ચાન્સ શોધી રહ્યાં છે. બિહારમાં જોઈએ તો લાલુ -સાદ યાદવના જોક્સ શરૂ થયા અને તેમનું રાજકીય પતન થયું છે. રાષ્ટ્રીય કોંગ્રેસ અને રાહુલ ગાંધીના જોક્સ શરૂ થતાં તેઓ સત્તામાં આવી શક્યા નહીં...

**ગિફ્ટ સિટીમાં મંદીના દિવસો પૂરા થયા ...**

મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ગિફ્ટ સિટીમાં મંદીના દિવસો પૂરાં થયા છે. સરકારી ઓફિસોની સાથે હવે પ્રાઈવેટ પ્લેયર્સ ઉમટી રહ્યાં છે. અત્યાર સુધી બે વર્ષમાં એકમાત્ર જર્કની ઓફિસથી ધમધમતા આ સિટીમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જ એ ખૂબ મોટી જગ્યા લીધી છે. ૨૦૧૫માં તેની વિશાળ ઓફિસ શરૂ થશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ ગિફ્ટસિટીમાં એક વર્ષના લાંબા સમય પછી સરકારે વિવિધ રોકાણકારોને જગ્યા બુક કરવા માટે પ્રપોઝલ મોકલી છે જેના ભાગરૂપે ટાટા કોમ્યુનિકેશન્સ આ સિટીમાં ૧૫૦ કરોડના ખર્ચે ડેટા સેન્ટર બનાવી રહ્યું છે. આ સેન્ટર જૂન-૨૦૧૫ સુધીમાં કાર્યરત થાય તેવી શક્યતા છે. આ સેન્ટર માટે કંપનીને ૪૧૪૭ ચોરસ મીટર જમીન જોઈશે અને ગ્રાઉન્ડ પ્લસ ફોરનું સ્ટ્રક્ચર ઉભું કરશે. પ્રત્યેક માળે ૧૨,૮૦૦ ચોરસફુટની જગ્યા રહેશે. બીજી તરફ એપાર્ટમેન્ટની સ્કીમમાં ૧૨ જેટલા બિલ્ડર જૂથોએ રસ દાખવ્યો છે. ગિફ્ટ સિટીમાં જગ્યા લેવા ૨૦થી વધુ પ્રપોઝલને ટૂંક સમયમાં મંજૂરી મળશે તેવી આશા અધિકારીઓ વ્યક્ત કરી રહ્યાં છે...

**પાંડિયન હજી એસીએસ ઇન્ડસ્ટ્રીઝ ...**

ગુજરાત સરકારની વેબસાઈટ્સ અપડેટ થતી નથી તેનો એક નમૂનો ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈન્સ ડિપાર્ટમેન્ટની વેબસાઈટ છે. આ વેબ ઉપર ડિપાર્ટમેન્ટ કોન્ટેક્ટ્સના ખાનામાં જઈએ તો હાલના પ્રિન્સિપલ સેક્રેટરી અતનુ ચક્રવર્તીનું ક્યાંય નામ નથી. સૌથી ટોચક્રમે એડિશનલ ચીફ સેક્રેટરી ડી. જે. પાંડિયનનું નામ અને તેમના કોન્ટેક્ટ્સ નંબર આપવામાં આવ્યા છે. એક બાજુ ગુજરાત સરકાર વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ની જોરશોરથી તૈયારી કરી રહી છે ત્યારે તેની અતિ મહત્વની કહી શકાય તેવી ઉદ્યોગની વેબસાઈટમાં અતનુ ચક્રવર્તીનું સ્થાન નથી. પાંડિયન તો રાજયના ચીફ સેક્રેટરી બની ચૂક્યા છે છતાં વિભાગમાં નામ બદલવાની તસ્દી લેવામાં આવી નથી...

**દિલ્હી જે આપશે તે જ લેવું પડશે ....**

કેન્દ્ર અને રાજય વચ્ચેના સબંધોમાં ખટરાગ એ આજનો વિષય નથી. રાજયના પડતર પ્રશ્નો દિલ્હીની સરકાર ઉકેલતી નથી તે હકીકત છે. વર્ષોથી ચાલી આવતી આ લાગણી છે. જીવરાજ મહેતા થી નરેન્દ્ર મોદી તમામ ચીફ મિનિસ્ટર ગુજરાતના હક્ક માટે લડ્યા છે. કેન્દ્ર સામે લડવાની તાકાત પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલમાં હતી, તેમણે નર્મદા યોજના સહિતના ઔદ્યોગિક મુદ્દાઓ ઉપર કેન્દ્ર સામે બાથ ભિડી હતી પરંતુ કોંગ્રેસ સાથે વિલિનિકરણ થયા પછી તેઓ મૌન થઈ ગયા હતા. આજે પણ એવું બન્યું છે. કેન્દ્ર અને રાજય એમ બન્નેમાં ભાજપ સત્તા ઉપર છે તેથી કેન્દ્ર સાથે સંઘર્ષ શક્ય નથી, દિલ્હી જે આપે તે લેવું પડશે...

**ગાંધીનગરમાં નંદાનો પ્રયોગ સફળ રહ્યો ....**

રાજયમાં વધી રહેલા માર્ગ અકસ્માતો રોકવા માટેનો બેસ્ટ ઉપાય રસ્તા ઉપર સલામત અંતરે રાખવામાં આવેલા બેરીકેટ છે તેવું ગૃહ વિભાગના તત્કાલિન એડિશનલ ચીફ સેક્રેટરી ડો. એસ. કે. નંદા માનતા હતા. તેમણે કહ્યું હતું કે માર્ગો ઉપર વાહનોની સ્પીડને કન્ટ્રોલ કરવાનું એકમાત્ર સાધન બેરીકેટ છે, જેના કારણે પુરપાટ આવતા વાહનો ધીમા પડે છે. ગાંધીનગર એક સફળ ઉદાહરણ છે. પાટનગરમાં આજે અકસ્માતોનું પ્રમાણ ઘટી રહ્યું છે અને તેની પાછળનું મુખ્ય કારણ બેરીકેટ છે. ટ્રાફિક પોલીસને પણ આ પ્રયોગથી રાહત થઈ છે...

**પ્લેસમેન્ટ પોર્ટલ, ચાહો તો ઘણું બધું થઇ શકે ...**

ગુજરાતના યુવાનોને રોજગારી જોઈએ છે, પછી તે સરકારી નોકરી હોય કે પ્રાઈવેટ. પ્રત્યેક હાથને કામ આપવું એ સરકારની પ્રાથમિકતા છે. ફરજ પણ છે. રાજયમાંથી બેરોજગારી ઘટાડવા સરકારે નોકરી આપવાનું કામ કરવું જ જોઈએ. ઘણીવાર એવું બને છે કે નોકરી ખાલી હોય છે પણ યુવાનોને ખબર હોતી નથી, બીજી તરફ કંપનીને અનુરૂપ માનવબળ ક્યાં છે તે સંચાલકોને ખબર નથી આવા સમયે સરકારે સેતુ બનીને કામ કરવું પડે છે. રાજય સરકારે જોબ પ્લેસમેન્ટ માટેનું એક નવું પ્લેટફોર્મ ઉભુ કર્યું છે પણ જો તે સમયસર અપડેટ નહી થાય તો તેનો કોઈ અર્થ નથી પરંતુ જો આ પોર્ટલને સમયાંતરે અપડેટ કરવામાં આવશે તો રાજયના યુવાનોમાં એક નવી આશા જાગશે અને રોજગારી માટે ભટકવું નહી પડે...!!

**બિન ભાજપ નેતાઓને પરસેવા છૂટ્યા ...**

કેન્દ્રની યુપીએ સરકાર સીબીઆઈનો દુરપયોગ કરે છે... કોંગ્રેસ સીબીઆઈને ચૂંટણી લડાવશે...સીબીઆઈ ખોટા કેસો કરીને ફસાવી રહી છે... આ પ્રકારના વિધાનો ખુદ નરેન્દ્ર મોદી અને અમિત શાહ તરફથી લોકસભાની ચૂંટણી જાહેર સભામાં બોલવામાં આવ્યા છે. હવે આ બન્ને નેતાઓ ભારતના પોલિટીકસમાં સુપરપાવર માનવામાં આવે છે. સીબીઆઈની કમાન્ડ હાલ તેમના હાથમાં છે ત્યારે ભાજપ વિરોધી પાર્ટીઓના નેતાઓને પરસેવા છૂટી રહ્યાં છે, કારણ કે સીબીઆઈ ઓલવેઝ હોટફેવરિટ છે, પહેલાં યુપીએ માટે અને હવે એનડીએ માટે...

**પહેલાં રાવણ હવે રામ બોલવું પડે છે ...**

ગુજરાતમાં નોંધાયેલા બેરોજગારોની સંખ્યા ભલે ૧૦ લાખને ટચ કરતી હોય, ગુજરાત કોંગ્રેસમાં નેતાઓ બેકારીના ખપ્પરમાં હોમાઈ ચૂક્યાં છે. કોંગ્રેસને નવી દિશા, નવી આશા સૂઝતી નથી. કોંગ્રેસના ઘસાયેલા નેતાઓ પણ ભાજપમાં પ્રવેશ પામીને ઉજળા દેખાય છે. અરે... તેમનું પરિવર્તન પણ થઈ જાય છે, શબ્દોના ઝેર પી ને આ નેતાઓ ભાજપમાં ખૂણો એટલા માટે પાળે છે કે રખે ને કોઈ જગ્યાએ ખુરશીમાં બેસવાનો ચાન્સ મળી જાય. સચિવાલયમાં એન્ટર થયેલા કોંગ્રેસના એક સિનિયર નેતાને આ પરિવર્તન અંગે પૂછતાં તેમણે કહ્યું હતુ કે જે લોકો પહેલાં રાવણ બોલતા હતા તેમણે હવે રામ શબ્દનો પ્રયોગ કરવો પડે છે...

**છ વર્ષમાં નિવૃત્તોની સંખ્યા સવા બે લાખ ....**

ગુજરાતના વહીવટી તંત્રમાં સિનિયરોની સંખ્યા ઘટતી જાય છે અને નવા યુવાનો જોડાતા જાય છે. ડાયરેક્ટર ઓફ પેન્શન એન્ડ પ્રોવિડન્ટ ફંડના આંકડા જોઈએ તો છેલ્લા આઠ વર્ષમાં ૧.૧૧ લાખ અધિકારી-કર્મચારીઓ વય નિવૃત્ત થઈ ચૂક્યાં છે અને આવનારા છ વર્ષમાં બીજા ૧.૧૩ લાખ નિવૃત્ત થઈ રહ્યાં છે. ૧૪ વર્ષમાં કુલ સવા બે લાખ કર્મચારીઓ સરકારી નોકરીમાંથી ઓછા થશે, જેની સામે સરકારે ભરતી કેલેન્ડર બનાવ્યું છે પણ તેની પ્રક્રિયા મંદ ગતિએ ચાલે છે. નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યાઓ તત્કાલ ભરવામાં આવતી નથી જેની અસર વહીવટીતંત્ર ઉપર પડી રહી છે. ગુજરાત કેડરના ચાર ડઝન કરતાં વધુ ઓફિસરો એવા હશે કે જેમને નિવૃત્તિ પછી એક્સટેન્શન અપાયેલાં છે....

**રાજયના સીએમ પ્રિન્સિપલ હતા ને ...**

ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલનો વહીવટી અનુભવ પૂર્ણ થયો છે. સચિવાલય કે જિલ્લામાં કોને ક્યાં મૂકવા તે હવે સમજી ચૂક્યાં છે. આટલો સમય તેમણે વિભાગો અને વિભાગોમાં કામ કરતા ઓફિસરોનો અભ્યાસ કર્યો છે. ક્યા જિલ્લામાં ક્યા પોલીસ વડા છે અને ગૃહના વિભાગોમાં કોણ ક્યાં કેવું કામ કરે છે તેનો રિપોર્ટ તેમણે મેળવી લીધો છે. અત્યાર સુધી થયેલી બદલની ફાઈલોમાં તેમની આંખ ફરી હોય તેવું લાગે છે. વહીવટી બાબતોમાં તેમને સલાહ લેવી પડતી નથી, કારણ કે તેઓ ખુદ સ્કૂલમાં આચાર્યા હતા. સ્કૂલનો એક આચાર્ય તેમના સહ શિક્ષકો પાસેથી કેવું કામ લેવું તે જાણે છે...

**જીઓ થર્મલ માં હજી ગોકળ ગતિ ...**

જીઓ થર્મલ પાવર પ્રોજેક્ટ શરૂ કરવામાં ગુજરાત છત્તીસગઢ પછી ભારતનું એવું બીજું રાજય બનશે કે જયાં ગરમ પાણીના ઝરામાંથી વીજળી પેદા થશે. ૨૦૧૩માં છત્તીસગઢ રાજયએ જીઓ થર્મલ પ્રોજેક્ટ ઉપર કામ શરૂ કરી દીધું છે અને હવે ૨૦૧૪માં ગુજરાતે આ પ્રોજેક્ટ માટે તૈયારી બતાવી છે પણ પ્રોજેક્ટ ગોકળ ગતિએ ચાલે છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઈએસઆર) ના ડાયરેક્ટર જનરલ ડો. બી. કે. રસ્તોગીએ કહ્યું હતું કે જર્મનના નિષ્ણાંતોએ ગુજરાતના ઉર્જા સંભવિત ત્રણ ક્ષેત્રો ધોલેરા, ટુવા, ઉનાઈ અને ચોપરામાં સંશોધન કાર્ય શરૂ કર્યું છે. તેમના મતે આ સ્થળે અંદાજે બે થી ત્રણ મેગાવોટનો પાવર પ્લાન્ટ સ્થાપી શકાય તેમ છે, પરંતુ તેમની આ ભલામણ હજી ફાઈલોમાં અટવાયેલી પડી છે...

**બિઝનેસ ફ્રેન્ડલી પ્રવાસન નિતી ...**

ગુજરાત પ્રવાસન નિગમની મિલકતોને ખાનગી ઓપરેટરો ચલાવી શકે તે માટે રાજય સરકાર બિઝનેસ ફ્રેન્ડલી નવી ટુરિઝમ પોલિસી જાહેર કરવા જઈ રહી છે. આ નિગમે હાલ તેની ઉપલબ્ધ પ્રોપર્ટી કે જયાં તોરણ રેસ્ટોરન્ટ છે ત્યાં પ્રાઈવેટ પ્લેયર્સને સોંપવાનો નિર્ણય કર્યો છે. જો કે આ વખતે જમીન વેચવાનો કોઈ ઈરાદો નિગમ ધરાવતું નથી પણ પ્રોપર્ટી લીઝ અથવા ભાડે આપવા માગે છે. એવી જ રીતે દરિયાકિનારાના ૧૨ જેટલા બીચ ઉપર ઈકો સ્પોર્ટ્સ ટુરિઝમ વિકસાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ડીલ હળવી બનાવવામાં આવી છે તેથી નક્કી કરેલા પ્રવાસન સ્થળોએ સોદા પાર પડી જાય તેવું લાગી રહ્યું છે...

**RTI એક્ટ લેન્ડમાર્કની સાથે બિહામણો છે....**

ભારત સરકારે બનાવેલા રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટનો જેટલો સદઉપયોગ છે તેટલો દૂરપયોગ પણ થાય છે. આ એક્ટના કારણે જાગૃતિ આવી છે અને પોલિટીશ્યન કે બ્યુરોક્રેટ્સ ખોટું કરતાં ડરી રહ્યાં છે. સાથે સાથે એક ગંભીર બાબતે ચિંતા જન્માવી છે. સમાજમાં જાગૃતિ લાવવાના હેતુથી કામ કરતા આરટીઆઈ એક્ટિવિસ્ટ ઉપર જાનના જોખમો વધી રહ્યાં છે. એક અભ્યાસ કરતાં એવું ધ્યાનમાં આવ્યું છે કે કાયદો બન્યા પછી દેશના રાજયોમાં એક્ટિવિસ્ટ ઉપર હુમલાના ૨૫૧ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે જે પૈકી સૌથી વધુ હુમલા મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થયા છે. મહારાષ્ટ્રમાં ૫૩ હુમલા થયા છે અને કુલ નવ એક્ટિવિસ્ટના ખૂન થયા છે, જયારે ગુજરાતમાં ૩૪ હુમલા થયા છે અને ત્રણ ના ખૂન થયાં છે...

**કાર પસાર હજી ગેઈટ ખૂલતા નથી ...**

સચિવાલયમાં સલામતી રક્ષકોની કમી ઓછી કરવા ઓટોમેટીક સિસ્ટમ દાખલ કરવાની વિચારણા ચાલતી હતી. આ પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કે સરકારી ગાડીઓ માટે બારકોડેડ સ્ટીકર આપવાની -થા શરૂ કરવાની થતી હતી જો કે હવે આ પ્રોજેક્ટને કોલ્ડસ્ટોરેજમાં મૂકી દેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ બે વર્ષ જૂનો હતો પરંતુ કોઈ કારણોસર વિલંબમાં પડ્યો હતો જેને ફરીથી અમલમાં મૂકવાનો પ્રયાસ થયો પરંતુ હજી પણ કોઈ આડશ આ પ્રોજેક્ટને ઓકે થવા દેતી નથી. આમ પણ હવે પ્રોજેક્ટના રચયિતા બદલાઈ ચૂક્યા છે...

## શબ્દાવલી - ૫૫૭૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ૭ | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | |
| ૧૩ | | ■ | ૧૪ | | | ■ | |
| ■ | ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ | ■ |
| ૧૮ | ■ | ■ | ૧૯ | ૨૦ | | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ■ | ૨૬ | ૨૭ | ■ | |
| ૨૮ | | | ■ | ૨૯ | | | |

### આડી ચાવી

૧. હોંશિયારી (૪)
૪. 'રાન' શબ્દ ઊંધો (૨)
૬. ગધેડુ (૩)
૮. હાથી (૨)
૯. સાપનું ઘર (૩)
૧૧. લાગો, માસિક વેતન-પગાર (૪)
૧૩. બરફનો વરસાદ, ... પડ્યા કહેવાય (૨)
૧૪. ખરાબ સંગ (૩)
૧૫. એક કાપડની જાત (૨)
૧૬. એક કાપડની જાત (૨)
૧૯. ભગવાન (૨)
૨૧. હોઠ, ઓષ્ઠ (૨)
૨૩. દૃષ્ટિ (૩)
૨૬. તુચ્છકારમાં (૨)
૨૮. વખાણ, ... કરુ કયાં ઉસકી (૩)
૨૯. સાથ, સંગાથ (૪)

### ઊભી ચાવી

૧. ચાલાક (૪)
૨. ઘાંટો, ઘોઘરો (૩)
૩. મુસ્લિમ તહેવાર (૨)
૪. એક અભિનેત્રી (૩)
૫. યોગનો એક પ્રકાર (૪)
૭. 'સંદર્ભ' શબ્દ ગોઠવો (૩)
૧૦. શ્લોક, વસ્ત્ર (૩)
૧૨. યાચવું, આજીજી (૩)
૧૪. એક રસોઈનું સાધન (૩)
૧૭. સેવાળ (૨)
૧૮. લોકસમુહ (૩)
૨૦. મોટાઈ, બણગા ફુંકવા (૩)
૨૨. ઉકળાટ (૩)
૨૪. ચમકતુ, અબરખ (૨)
૨૫. નકામુ (૨)
૨૭. કુથો, નાની બાબતોને ચોળીને ચીકણી કરવી (૨)

### શબ્દાવલી ૫૫૭૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાનાફુસી (૪) કબીલો (૭) મઝલ (૮) શતાવરી (૯) શીકારી (૧૨) વઇ (૧૩) મણા (૧૪) થીજવવું (૧૮) જરાસંઘ (૨૦) જામ (૨૧) જટાયુ (૨૨) જામગરી

**ઊભી ચાવી :-** (૧) કામણટુમણ (૨) નાઝ (૩) ફુલણશી (૪) કતા (૫) બીવરાવવું (૬) લોરી (૧૦) કાથી (૧૧) રીજ (૧૫) વધુ (૧૬) પરાયુ (૧૭) મમરી (૧૮) જટા (૧૯) ધજા (૨૦) જાગ


## વોક ઈન ઈન્ટરવ્યુ

ધી ગાંધીનગર અર્બન કો-ઓ. બેંક લિ. માટે નીચે મુજબ સ્ટાફની જરૂરિયાત છે.

(૧) ક્લાર્ક કમ કેશીયર : ૨ જગ્યા
(કોઈપણ સ્નાતક, કોમ્પ્યુટરનું જ્ઞાન)
(૨) પટાવાળા : ૨ જગ્યા (ધોરણ-૧૨ પાસ)

ઉપરોક્ત બંને જગ્યા માટે ઈન્ટરવ્યના દિવસે ઉંમર ૩૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ (અનુ.જાતિ/જન જાતિ તથા મહિલાઓ માટે ઉંમરમાં ૫ વર્ષની છૂટછાટ) તા. ૮-૧૨-૨૦૧૪ના રોજ બપોરે ૩-૦૦ કલાકે અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂ મળો.

સ્થળ : ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ.
અપના બજાર, સેક્ટર-૨૧, ગાંધીનગર



## ટુંકી મુદતની નિવિદા

વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર - ૧૬/૨ની કચેરીમાં નીચે મુજબના સાધનના રીપેરીંગ, પાર્ટસ અને સર્વિસ કામગીરી કરાવવા માટે એક વર્ષનો રેઈટ કોન્ટ્રાક્ટ આપવા માટે ટેકનીકલ અનુભવી વેપારી પાર્ટીઓ પાસેથી ગાંધીનગર મુકામે કામગીરી કરી આપવા ઈચ્છા ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવપત્રકો તા. ૧૨/૧૨/૨૦૧૪ સુધીમાં અત્રે મળે તે રીતે કચેરી સમય સુધીમાં પહોંચે તે રીતે રૂબરૂ અથવા આર.પી.એ.ડી.થી બંધ કવરમાં રજૂ કરવાના રહેશે. આવેલ ભાવો અંગેના સીલબંધ કવરો તા. ૧૬/૧૨/૨૦૧૪ના રોજ ૧૫-૦૦ કલાકે સંબંધિત એજન્સીના પ્રતિનિધિની હાજરીમાં ખોલવામાં આવશે.

**કામગીરીની વિગત**

(૧) સ્પ્લીટ એ.સી.-૧૪ (૨) વિન્ડો એ.સી.-૪ (૩) એર કુલર-૭
(નોંધ : સ્પેર પાર્ટસ તથા સર્વિસ સહિતના ભાવો આપવાના રહેશે.)
(સ્પેર પાર્ટસનું લીસ્ટ અત્રેની કચેરી ખાતેથી મેળવી લેવાનું રહેશે.)

સહી/-
મદદનીશ વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૭૮૭/૧૪-૧૫